[A-30] No. of printed page: 1

# SARDAR PATEL UNIVERSITY

**T. Y. B. A. (VI Semester) Examination**
**Thursday, 9th April, 2015**
**2.30 – 5.30 pm**
**UA06CGLT26 - Paper No. 26**
**Gujarati Literature - પ્રશિષ્ટ સાહિત્ય (૧૯૪૭ પછીનું)**
**આથમતાં અજવાળાં**

**કુલ ગુણઃ ૭૦**

**નોંધઃ** જમણી બાજુ દર્શાવેલ આંકડા પ્રશ્નના ગુણ દર્શાવે છે.

પ્ર.૧ પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (**ગમે તે ત્રણ**) (૧૫)

(૧) 'મારા ગામને એકાએક પાંખો ફૂટી કે શું ? કેટલું બધું પરિવર્તન ?'
(૨) 'ગાલ્લું હંમેશા હરખીલું, એને ઊંજણ મળે કે ન મળે એ દોડતું જ રહ્યું છે.'
(૩) 'કોકની નજરમાં અમી તો કોકની આંખમાં ઇજન, કોકને પરબ મળે ને ઘણાં તરસ્યાં જ રહી જાય...'
(૪) 'કિચન' નામનો અંગ્રેજી શબ્દ ગુજરાતીકરણ પામી થયો છે.'
(૫) 'એના ઉપર કપડાં લટકે, જેમ પરમાત્માની ખીંટીએ લાળથી લટકી રહ્યા છે જીવો!!'
(૬) ''ન' તો મોંનતો ને ? એ તો ભૈ , મોંનવું પડયું ન ? ભૂવા કોઇ તૂત થોડું હોય ?''

પ્ર.૨ શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ કૃત 'આથમતાં અજવાળાં'ના અભ્યાસનિયત નિબંધોમાં પ્રગટ થતું ગ્રામજીવન તથા એની સંસ્કૃતિની વિગતે ચર્ચા કરો. (૨૦)

**અથવા**

પ્ર.૨ ટૂંકનોંધ લખો.

(૧) 'કયાં ગયું મારું ગામ?' માં લેખકની વેદના
(૨) દેશી વૈદ અને દેશી દવાનું ગામડામાં મહત્ત્વ

પ્ર.3 શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ કૃત 'આથમતાં અજવાળાં' ના અભ્યાસનિયત નિબંધોની સમીક્ષા કરો. (૨૦)

**અથવા**

પ્ર.3 ટૂંકનોંધ લખો.

(૧) 'આથમતાં અજવાળાં' ના અભ્યાસનિયત નિબંધોમાં પ્રકૃતિનિરૂપણ
(૨) 'ઘંટી, ખૂંટી અને વળગણી' નિબંધમાં સર્જકની સ્મરણલીલા

પ્ર.૪ ટૂંકા મુદ્દાસર જવાબ લખો. (**ગમે તે ત્રણ**) (૧૫)

(૧) વૈજનાથ મંદિરે ભરાતા મેળાનું વર્ણન કરો.
(૨) 'સાંબેલું, સૂપડું અને સૂંડલા' નિબંધમાં આ ત્રણેય ચીજોનું ગ્રામજીવનમાં કેવું મહત્ત્વ હતું, એ સમજાવો.
(૩) ગોવો રબારી કોણ હતો ? ગામના લોકો એને ઘરે શા માટે જતાં હતાં ?
(૪) 'ગામ ઝૂરાપો'માં વ્યકત થયેલી સર્જકની વ્યથાનું વર્ણન કરો.
(૫) 'નવલાં નોરતાં'માં સર્જક ભૂતકાળ અને વર્તમાનના નવરાત્રિ ઉત્સવ વિશે શું કહે છે ? જણાવો.
(૬) ચૂલો અને ઇંધણની લેખકે અકબંધ સાચવી રાખેલી સ્મૃતિઓ વિશે જણાવો.

☺☺☺